ધીરજવાન પોતાનાં બધાં જ ધારેલાં કાર્યો પાર પાડે છે
- ફ્રેંકલીન

# ગાંધીનગર સમાચાર

આપણું પોતાનું અખબાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૧૩ | ૨ જુલાઇ ૨૦૧૨, સોમવાર, અષાઢ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# સચિવાલયમાં અધિકારીઓની વ્યાપક બદલીઓ

## ૬૬ સેક્શન અધિકારીઓને ઉપસચિવમાં બઢતી અને બદલી : ૨૪ ઉપસચિવોને નાયબ સચિવ સંવર્ગમાં બઢતી : ૧૨ નાયબ સચિવોની બદલી : એક સાથે ૧૦૦ વધારે અધિકારીઓના બઢતી-બદલીના હુકમો મોડીરાત્રે કરાયા

ગાંધીનગર, તા.૧

રાજ્યના સૌથી મોટા વહીવટીય સંકુલ સચિવાલય સંવર્ગમાં રાજ્ય સરકારે ગઈકાલે મોડીરાત્રે વ્યાપક ફેરફારો કરતા હુકમો જારી કરતાં આજે આખો દિવસ ગાંધીનગર શહેરમાં આ બદલીઓ અંગે સતત ચર્ચાઓ થતી જોવા મળી હતી.

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે કરેલા આ હુકમો ત્રણ ભાગમાં છે. જેમાં સંયુક્ત સચિવો સહિત નાયબ સચિવ સંવર્ગના અધિકારીઓની બદલી ઉપરાંત ઉપસચિવોની બદલીના હુકમોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત અન્ય એક હુકમમાં રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે ૬૬ જેટલા સેક્શન અધિકારીઓને ઉપસચિવ સંવર્ગમાં કામચલાઉ ધોરણે બઢતી આપી છે.

સચિવાલય કક્ષાએ આ વ્યાપક બદલીઓની આમ તો ઘણા સમયથી રાહ જોવામાં આવતી હતી. જોકે સરકાર દ્વારા ગઈકાલે આ હુકમો જારી કરવામાં આવ્યા છે.

રાજ્ય સરકારે ગઈકાલે જે બદલીના હુકમો જારી કર્યા છે તેમાં મહેસુલ વિભાગના સંયુક્ત સચિવ શ્રીમતી કે. વી. બ્રહ્મભટ્ટની બદલી શિક્ષણ વિભાગમાં કરવામાં આવી છે.

નાણાં વિભાગમાં સંયુક્ત સચિવ તરીકે ફરજો બજાવતા શ્રી કિરીટભાઈ અધ્વર્યુને મહેસુલ વિભાગમાં મુકવામાં આવ્યા છે. રાજ્ય કક્ષાના ગૃહમંત્રીશ્રીના અંગત સચિવ તરીકે ફરજો બજાવતા શ્રી પરિમલ શાહને પણ સંયુક્ત સચિવ (જમીન) તરીકે મહેસુલ વિભાગમાં મુકવામાં આવ્યા છે.

શિક્ષણ વિભાગના સંયુક્ત સચિવ શ્રી જે. એસ. પટેલને બદલી નાણાં વિભાગમાં તથા ગૃહ વિભાગમાં સંયુક્ત સચિવ તરીકે ફરજો બજાવતા શ્રી પી. જી. પારેખને બદલી પશુપાલન વિભાગમાં મુકવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

### મેઘ માટે મીટ...



મેઘરાજાની રાહ - મેઘરાજાની પધરામણીનો સમય થયો હોવા છતાં હજુ સુધી પધારમણી ન થતાં જગતનો તાત મુંજાયો છે... આકાશ સામે મીટ માંડી વરસાદની રાહ જોતા ખેડૂતના ચહેરા પર ચિંતા દેખાઈ આવે છે... છેલ્લા ત્રણ દિવસથી ભારે બફારાની વચ્ચે સૌ ઉચાટ અનુભવે છે ત્યારે વરસાદ ક્યારે આવશે એ સવાલ સૌની જીભ પર રમે છે.... ખેડૂતની ચિંતા દિવસે-દિવસે વધતી જાય છે. જૂનના અંતિમ દિવસે ૨૩ ટકા વરસાદ ઓછા હોવાનું હવામાન ખાતું જણાવે ત્યારે સ્વાભાવિક જ ખેડૂત સમાજ સહિત આમ સમાજ આકુળ - વ્યાકુળ બની જાય છે... ઠેરઠેર પર્જન્ય યજ્ઞો અને ઉપાસનાઓ થઈ રહી છે. સૌના મનમાં એક જ પ્રાર્થના છે કે, હે ભગવાન વધુ કસોટી ન કર.... અબોલ પશુ - પંખી પણ પીડા અનુભવે છે.... આમ સમગ્ર રાજ્યમાં વરસાદની રાહ ચાતક નજરે જોવાય છે....

# ગાંધીનગર જિલ્લાના ૭૭ ગામોને નિર્મળ અભિલાષી જાહેર કરાયા

## દહેગામના ૨૪, ગાંધીનગરના ૧૬, માણસાના ૧૭ અને કલોલના ૧૬ ગામોને નિર્મળ અભિલાષી જાહેર કરાયા, માણસા તાલુકાને નિર્મળ બનાવવા માટે તંત્રએ હાથ ધરેલી ખાસ કવાયત અને સર્વેલન્સ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના ૭૭ ગામ આ વર્ષે નિર્મળ અભિલાષી જાહેર કરવામાં આવ્યા છે. આ ગામોને નિર્મળ બનાવવા માટેનું આયોજન પણ અધિકારીઓએ હાથ પર લઈ લીધું છે અને ટૂંકમાં જ તેના અમલીકરણમાં આગળ વધવામાં આવશે.

જો કે જિલ્લામાં આ વખતે નિર્મળ ગામ ઉપરાંત નિર્મળ તાલુકાનો પાયલોટ પ્રોજેક્ટ પણ હાથ ધર્યો છે. આ માટે માણસા તાલુકાની પસંદગી કરી સર્વેલન્સ પણ હાથ ધરવામાં આવ્યો છે. જોકે આ સર્વેલન્સની કામગીરી અંતિમ તબક્કામાં હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણ ગત વર્ષે જિલ્લાના ૧૧ ગામોને નિર્મળ ગામ તરીકે પસંદગી થઈ હતી. આ નિર્મળ ગામોની પસંદગી માટે કેન્દ્ર સરકારમાંથી ખાસ તપાસની ટીમ આવતી હોય છે. ગુજરાત સરકારે પાંચ હજાર ગામ નિર્મળ બનાવવાનો લક્ષ્યાંક ગત વર્ષે કર્યો હતો પરંતુ તેમાં સફળતા મળી ન હતી.

જિલ્લાને જ્યાં સુધી સંબંધ છે ત્યાં સુધી પ્રથમ તબક્કે પાંચ ગામોની પસંદગી થઈ હતી. આ પછી તંત્ર દ્વારા વાંધા સાથે પાવર પોઈંટ પ્રેઝન્ટેશન અને ફોટોગ્રાફસ રજૂ કરાતાં વધુ છ ગામોની તપાસ કરી આ ગામોને પણ નિર્મળ ગામોનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

નિર્મળ ગામ માટે કેન્દ્ર સરકાર દ્વારા વસ્તીના ધોરણને ધ્યાને રાખી રૂ. ૫૦ હજારથી ૧ લાખ સુધીનું પારિતોષિક આપવામાં આવે છે. જે ઉલ્લેખનીય છે. જિલ્લા તંત્રએ આ

● અનુસંધાન પાન-૭ પર

